**માન. અધ્યક્ષશ્રી,**

૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા. ૦૧–૦૨–૨૦૨૪ના રોજ માન. રાજ્યપાલશ્રી દ્વારા આ સભાગૃહમાં જ્યારે માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની આગેવાની હેઠળની સરકારે કરેલા વિકાસકાર્યોના લેખાજોખા તેમના ઉદ્‌બોધન દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.

માન. રાજ્યપાલશ્રીના ઉદ્‌બોધન ઉપર ચર્ચાનો આજે પહેલો દિવસ છે. આજે આભાર પ્રસ્તાવ ઉપર મને બોલવાની જે તક મળી છે. તે બદલ હું આપશ્રીનો અને માન. મુખ્યમંત્રીશ્રીનો આભારી છું.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જે સમયે ગુજરાતની ધુરા સંભાળતા હતા તે સમયે ગુજરાતની ભૌગોલિક સ્થિતિ અને જનતાને ધ્યાને રાખીને તેનો સર્વાંગી વિકાસ કઈ રીતે થઈ શકે તે રીતે તેમણે વિકાસની જે કેડી કંડારી હતી તેને આગળ વધારતા માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબે ગુજરાતના વિકાસની ગતિને અવિરત ચાલુ રાખીને એ જ ગતિએ ગુજરાતનો વિકાસ કરી રહ્યા છે. તે આપણા માટે આનંદની વાત છે. તે બદલ માન. મુખ્યમંત્રીશ્રી અને તેમના મંત્રીમંડળને હું અભિનંદન પાઠવું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

ગત વર્ષ ગુજરાત રાજ્ય માટે ઐતિહાસિક રહ્યું છે.

દાખલા તરીકે જી-૨૦ નું આયોજન થાય, ભારત દેશ યજમાન બને અને ગુજરાતના આંગણે સફળતાપૂર્વક સમારોહ સંપન્ન થાય તેમાં ભારતની આંતરરાષ્ટ્રીય ખુબજ સારી છબી ઉભી થઇ છે. સાથે સાથે ગુજરાતની પણ આગવી ઓળખ ઉભી થઈ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

એ જ રીતે વાઈબ્રન્ટ ગુજરાતની વાત કરૂં તો, તત્કાલીન માન. મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની વિઝનરીથી સૌનો સાથ સૌનો વિકાસ સાથે શરૂ કરેલી વિકાસયાત્રાનું પરિણામ વર્ષ ૨૦૦૩માં બે દાયકા પહેલા વાઈબ્રન્ટ ગુજરાત સ્વરૂપે એક નાનકડું બીજ રોપવામાં આવ્યું હતું.

આજે જ્યારે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ દસમી વખત સફળતાપૂર્વક યોજાય અને આ સમીટમાં ૪ દેશો (યુ.એ.ઈ., મોઝામ્બીક, તિમોર લેસ્તે અને ચેક રી પબ્લીક) ના વડાઓ, વિવિધ દેશોના મંત્રીઓ, વૈશ્વિક સી.ઇ.ઓ., બહુપક્ષીય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને બુધ્ધીજીવીઓ ઉપસ્થિત રહેતા હોય તે ગુજરાત માટે સૌભાગ્યની વાત છે અને આવનારા દિવસોમાં અનેક રોકાણકારોના કારણે ગુજરાતના સર્વાંગી વિકાસમાં તો મદદ મળશે જ પરંતુ રોજગારીક્ષેત્રે પણ અનેક યુવાનો માટે ફાયદાકારક સાબિત થશે.

**માન. અધ્યક્ષશ્રી,**

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની મુખ્ય થીમ ગેટ વે ટુ ધ ફ્યુચર હતી. સમીટની વાઈબ્રન્સી રાજ્યના તમામ જિલ્લાઓ સુધી પહોંચાડવામાં આવી, પ્રસ્તુત કાર્યક્રમમાં મને પણ નવસારી ખાતે હાજર રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

આપણે અમૃતકાળમાં પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે આ વખતનો પ્રથમ વાઈબ્રન્ટ ગ્લોબલ સમીટ હોવાના કારણે આદરણીય મોદી સાહેબનું જે સ્વપ્ન છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશ આર્થિક અને વિકસિત રીતે દુનિયામાં પ્રથમ ક્રમે હશે એના માટે આ સમીટ આ રોડમેપના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે સીમાચિહ્નરૂપ બની રહેશે.

**માન. અધ્યક્ષશ્રી,**

હું પણ મારા જીવનમાં વર્ષ ૨૦૦૨ પછી જાહેર જીવનમાં નાની મોટી જવાબદારી લઈને કામ કરી રહ્યો છું. ૨૦૦૨ પહેલાનું ગુજરાત અને આજે જે ગુજરાતને હું જોઈ રહ્યો છું તેમાં જમીન આસમાનનો ફરક છે અને આ ગૃહની અંદર બેઠેલા તમામ સભ્યોની માટે સુવર્ણકાળનો આ સમય છે તેનો મને આનંદ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આપણું રાજ્ય દરેક ક્ષેત્રે દાખલા તરીકે

**આરોગ્યક્ષેત્રે,**

**ઉર્જા ક્ષેત્રે,**

**કૃષિ ક્ષેત્રે,**

**શિક્ષણ ક્ષેત્રે**

**સિંચાઇ** કે અન્ય ક્ષેત્રોની વાત કરૂં તો મોટાભાગના ક્ષેત્રોમાં ગુજરાત પુરા દેશમાં પ્રથમ હરોળમાં છે.

**માન. અધ્યક્ષશ્રી,**

તાજેતરમાં વિકસિત ભારત સંકલ્પયાત્રા પ્રથમ તબક્કામાં પુરા દેશ અને ગુજરાત રાજ્યમાં આ યાત્રા શહેરો તથા ગામે-ગામ મોદી સાહેબના ગેરન્ટીવાળા રથ સાથે પહોંચી.

**માન. અધ્યક્ષશ્રી,**

આદરણીય મોદી સાહેબની વિઝનરીને ધન્યવાદ આપવા પડે કે ભારત સરકાર અને ગુજરાત સરકારની યોજનાઓ ગરીબ લાભાર્થીઓ સુધી પહોંચે અને હજુપણ વંચિત લાભાર્થીને આ રથના પ્રચાર-પ્રસારના માધ્યમ દ્વારા શોધી શોધીને તેને લાભ મળે એ માટે આ ગેરંટીવાળો રથ ખુબ ઉપયોગી બન્યો છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મને પણ પાર્ટી દ્વારા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આ યાત્રાની સફળતા માટે મને પણ ટીમમાં કામ કરવાની તક મળી હતી. તે સમયે મેં લાભાર્થીઓને લાભ મેળવતા પણ જોયા છે અને જ્યારો લાભાર્થીઓની સાફલ્યગાથાઓ સાંભળી છે ત્યારે આપણા રૂંવાટા ઉભા થઇ જાય એવી પણ કેટલીક સાફલ્યગાથાઓ હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

ગરીબની કોઇ જ્ઞાતિ હોતી નથી. મને કહેતા આનંદ થાય છે કે, આજે નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગરીબ, ખેડુત, મહિલા અને યુવાઓ આ ચાર લોકોને જે રીતે પ્રાધાન્ય આપીને વિકસિત ભારતના સંકલ્પ સાથે જે કામ કરી રહ્યા છે. ના ભુતો ના ભવિષ્ય

**માન. અધ્યક્ષશ્રી,**

આરોગ્યની વાત કરૂં તો આયુષ્માન કાર્ડ યોજના કેટલી મોટી આશીર્વાદરૂપ છે. ગુજરાતમાં શરૂ થયેલા મા કાર્ડ દ્વારા આ યોજના સમસ્ત દેશમાં આયુષ્માન કાર્ડ સ્વરૂપે છવાઇ ગઇ છે. **આ યોજના દુનિયામાં સૌથી મોટી આરોગ્યલક્ષી યોજના છે.** બાકી અગાઉના વર્ષોમાં તો બધાએ મુખ્યમંત્રી રાહતફંડમાંથી સહાય માટે માંગણી કરવી પડતી હતી

**માન. અધ્યક્ષશ્રી,**

મારે આજે માન. મુખ્યમંત્રી, નાણાં મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, ભારત સરકાર કોઈપણ ગરીબ પરિવાર કોઇ મોટી બિમારીમાં મફતમાં સારવાર લઈ શકે તે માટે બનાવેલી આ યોજનામાં ગુજરાત સરકાર તેમાં ૫ લાખનો ઉમેરો કરે અને ૧આ યોજના રાજ્યમાં ૧૦ લાખની બની છે ત્યારે હું રાજ્ય સરકારને ખુબ ખુબ અભિનંદન આપું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

હું ભગવાનને પ્રાર્થના કરૂં છું કે કોઇને એવી મુસીબત ન આવે છતાં કેન્સર, હાર્ટએટેક અથવા કોઈપણ અવયવોના ટ્રાન્સપ્લાન્ટ જેવા સમયે રૂા. ૫ લાખ પણ ઓછા પડે તેવા સમયે રૂા. ૧૦ લાખની સહાય મળે તો આ પરિવાર માટે આ યોજના આશીર્વાદરૂપ બની રહે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

કોઈપણ ગરીબ ભુખ્યો ન સુવો જોઇએ એના માટેની મફત અનાજ આપવાની વ્યવસ્થા ભારત સરકાર દ્વારા અને સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા મળતી ૫૦ રૂપિયે તુવરદાળ, ૩૦ રૂપિયામાં ચણા, રાહતદરે વર્ષમાં બે વખત મળતું સીંગતેલ કે ૧ રૂપિયામાં ફોર્ટીફાઇડ મીઠું હોય કે વર્ષમાં બે વખત મળતા ગેસ સીલીન્ડરો હોય આ બાબતે મારે ગુજરાત સરકારને અભિનંદન આપવા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ખેડુતોને આર્થિક રીતે જો સદ્ધર બનાવવા હોય તો કૃષિ ઉપર ભાર મુકવો જ પડે એના માટે વિજળીની વ્યવસ્થા, સિંચાઇની વ્યવસ્થા, ટપક સિંચાઇથી લઇને કૃષિની અંદર વપરાતા ઔજારો, તકનીકી આધુનિક ટેકનોલોજી ધ્યાનમાં રાખીને કૃષિ તજજ્ઞોને સાથે રાખીને ખેડુતોને ખુબ જ પ્રોત્સાહિત કરવા એ સરકારશ્રીનો સર્વગ્રાહી અભિગમ રહ્યો છે.

**માન. અધ્યક્ષશ્રી,**

પ્રાકૃતિક ખેતીની વાત કરૂં તો, અમારો આદિવાસી જિલ્લો ડાંગ પ્રાકૃતિક ખેતીમાં પુરા રાજ્યમાં બ્રાન્ડેડ બની રહ્યો છે. આજે મારે માન. રાજ્યપાલશ્રીને પણ ધન્યવાદ આપવા ઘટે કે એમણે એમનું પુરૂ ધ્યાન ડાંગ ઉપર કેન્દ્રીત કર્યું છે. ત્યાંનો ગરીબ આદિવાસી ખેડુત ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારૂ ઉત્પાદન મેળવી શકે તે ધ્યાને લઇ સરકારને પણ જ્યાં સુચન કરવા જેવું હશે ત્યાં સુચન કરીને સરકારશ્રીની મદદના કારણે આજે ડાંગનો ખેડુત પણ પ્રાકૃતિક ખેતીમાં ખુબ આગળ વધી રહ્યો છે. આજે એનો મને આનંદ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મારે માન. મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇને મારે અભિનંદન આપવા છે. વનબંધુ યોજના હેઠળ આદિવાસી ખેડુતોને થ્રી ફેઝનું કનેક્શન મળે અને ગુણવત્તાયુક્ત વિજળી મળી રહે એ માટે વનબંધુ યોજના હેઠળ નવા સબસ્ટેશનો, નવી લાઇનો જે રીતે આપવામાં આવી છે અને અપાઇ રહી છે એ માટે હું તેમનો આભાર વ્યક્ત કરૂં છું. સાથે સાથે આદિવાસી વિસ્તારની અંદર ડુંગરાળ અને પહાડી વિસ્તારમાં પાણી આપવું ખુબ મુશ્કેલ હતું. પરંતુ ઉદ્વહન પાઇપલાઇન યોજનાઓ દ્વારા આજે પાણી અપાઇ રહ્યું છે અને આવનારા દિવસોમાં પણ જે રીતે ઉદ્વહન સિંચાઇ યોજનાનું કામ ચાલી રહ્યું છે એનાથી ખેડુતોને ખુબ મોટો ફાયદો થશે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં પ્રથમ વખત ગુજરાત નેચરલ ફાર્મીંગ સાયન્સ યુનિવર્સીટીની રચના કરવામાં આવી છે. કૃષિ રાહત પેકેજ હોય કે, પ્રધાનમંત્રી કિસાન નીધિ હોય આપણે સૌ જાણીએ છીએ કે, ગત વર્ષમાં થયેલી કુદરતી આપત્તિઓ, કમોસમી વરસાદ, બિપરજોય વાવાઝોડું, ભારે વરસાદ અને ઉપરવાસમાં થયેલ વરસાદને કારણે નદીઓમાં આવેલ પુર અને તેના કારણે થયેલ પાક નુક્શાન સામે ૧૮ જિલ્લાઓમાં કુલ ૧,૦૯,૮૧૮ ખેડુત લાભાર્થીઓને રૂા. ૨૮૧.૪૧ કરોડની સહાય કૃષિ રાહત પેકેજ સ્વરૂપે ચુકવવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ હેઠળ આજદિન સુધીમાં ગુજરાતના ખેડુતોના ખાતામાં ૧૫ હપ્તા જમા થયા છે. જેમા રૂા. ૧૫,૪૦૭ કરોડ કરતા વધુ રકમ ૬૪.૧૩ લાખ જેટલા ખેડુતોના ખાતામાં સીધી જમા કરવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

માન. વડાપ્રધાનશ્રી દ્વારા મુકવામાં આવેલ પી.એમ. મિત્ર પ્રોજેક્ટ (મેગા ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઈલ રીઝીયન એન્ડ એપરલ પાર્ક) દેશના ૭ રાજ્યમાં સ્થાપવામાં આવશે. જેના ભાગરૂપે નવસારી જિલ્લામાં પણ તેનું નિર્માણ થનાર છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે આ બાબતે MOU પણ થયા છે. તેનાથી આવનારા દિવસોમાં ગુજરાતના વિકાસમાં ફાયદો તો થશે જ સાથોસાથ દક્ષિણ ગુજરાતના યુવાનોને ખુબ મોટી સંખ્યામાં રોજગારી પણ મળશે.

<u>**વિકસીત ભારત સંકલ્પ યાત્રા**</u>

**માન. અધ્યક્ષશ્રી,**

- જેમણે અત્યાર સુધી ભારત સરકાર અને ગુજરાત સરકારની યોજનાઓનો લાભ લીધો.
- હજુ સુધી કોઈપણ રીતે બાકી રહી ગયેલ લાભાર્થીઓને શોધી શોધીને મળતા લાભો આપવા.
- ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત બનાવવું અને ત્યાં સુધીમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ કરવો. કોઈ લાભાર્થી બાકી રહેવો ન જોઈએ.
- આયુષ્માન કાર્ડ અત્યાર સુધી ૨.૩૩ કરોડ લાભાર્થી.
- ગ્રામીણ આવાસઃ વર્ષ ૨૦૧૬–૧૭ થી ૨૦૨૨–૨૩ સુધીમાં ૬,૦૪,૫૬૭ નો લક્ષ્યાંક હતો. તેમાંથી ૪,૯૫,૬૬૬ આવાસ પૂર્ણ.
- શહેરી આવાસઃ વર્ષ ૨૦૨૩–૨૪માં ૭૧,૩૯૬

# <u>સ્વચ્છ ભારત મિશન</u>

**માન. અધ્યક્ષશ્રી,**

સ્વચ્છતાના જન આંદોલનની આગેવાની કરતાં માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લોકોને આહ્વાન કર્યું કે, તેઓ એક સાફ અને સ્વચ્છ ભારતના મહાત્મા ગાંધીજીના સ્વપ્નને પુરૂં કરે, શ્રી મોદી સાહેબે પોતે સફાઇ અભિયાન શરૂ કર્યું, પ્રધાનમંત્રીશ્રી દ્વારા ગંદકી સાફ કરવા માટે ઝાડુ પકડવાના કારણે સ્વચ્છ ભારત અભિયાન આજે દેશભરમાં એક જન આંદોલન બની ગયું છે.

**ગૃહ વિભાગ**